# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી શત્રુંજય-મુક્તિ
सा विद्या या विमुक्तये
સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

પ્રથમ વર્ષ અભ્યાસક્રમ-૫

અક્ટોબર 2025

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

**પ્રશ્ન-૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧) ઇન્દ્ર..................સૂત્રથી અરિહંતોને સ્તવે છે.
૨) ....................રાજાએ અચલ કેવળીને હું ભવ્ય છું કે અભવ્ય એવો પ્રશ્ન કરેલ.
૩) સંસારચક્ર માંથી છુટવા જયણા અને ....................જોઇએ.
૪) .......................આવી જાય તો લોકોના ટોળાને ટોળા સ્વયંમેવ પ્રશંસા કરવા લાગે છે.
૫) આઠે આઠ કર્મની સમુહમાં ગ્રહણ ક્રિયા અથવા એવો ઈન્દ્રિયોનો વ્યાપાર તે................છે.
૬) ..................તો ઘનરૂપા કાષ્ટને બાળવામાં અગ્નિ સમાન છે.
૭) બીજાને ન ગમે તેવી ચાલવાની કુલક્ષણી રીત તે.....................
૮) ....................કર્મો તોડે છે અને અજ્ઞાની ક્ષણે ક્ષણે કર્મ બાંધે છે.
૯) પાંચ ઈન્દ્રિયોની વિષયોની પ્રાપ્તિમાં જીવ ................માં વ્દેષ કરે છે. એમાં દુ:ખ માને છે.
૧૦) ...................માનવી કદાચિત ધર્મ માર્ગમાં ઘૂસી જાય તો પણ ત્યાં ધર્મ ટકી શકતો નથી.
૧૧) આજ સુધીમાં સમુદ્ર કરતાં ....................એ વધારે માનવિઓ ડુબાડ્યા છે.
૧૨) .......................પ્રભુ દીક્ષા ના દિવસે જ કેવળજ્ઞાન પામ્યા.
૧૩) સિધ્દ થયેલા જીવોની જયાં ગતિ થાય છે તે .....................ગતિ.
૧૪) ....................થી સર્વ વિપત્તિઓ સંપતિરૂપ બની જાય છે.
૧૫) જે લોકો આત્મકલ્યાણ ને સાધી શકયા છે એમણે ..................ને પ્રાણથી પણ અધિક મહત્વ આપ્યું છે.
૧૬) ...................માનવીની વિચારશકિત નો નાશ કરે છે.
૧૭) હે રાજન તે દુષ્ટ મંત્રીના ખોટા લેખ ઉપર વિશ્વાસ કરીને નિરપરાધ એવા ધર્મીજનોના શિરોમણી એવા.............. નો નાશ કરાવ્યો છે.
૧૮) ................જીવો ભલે પોતાના કર્માનુસાર પુણ્ય-પાપને ભોગવતા હોય પણ પુરૂષાર્થવ્દારા પાપને અટકાવી પુણ્યની વૃધ્દિ કરે છે.
૧૯) જયારે તીર્થંકર પરમાત્માનો જન્મ થાય ત્યારે ................માં ક્ષણવાર માટે અજવાળું થાય છે.
૨૦) ................વાળું જીવન નંદનવન નથી બનતું પણ જંગલ બની જાય છે.

**પ્રશ્ન-૨ એકજ શબ્દમાં જ્વાબ આપો.** ૧૫

૧) કયા કર્મના ઉદયથી નાભિથી નીચેના પગ સુધીના અશુભ અવયવોની પ્રાપ્તિ થાય છે?
૨) શ્રાવકનો કયો ગુણ લોકોના જીવનમાં સદ્માર્ગના, સદ્ધર્મના બીજની વાવણી કરે છે?
૩) કયા પ્રભુના શાસનમાં હરિષેણ અને જય નામે ચક્રવર્તી થયા?
૪) કયા સૂત્રથી ત્રણ લોકમાં રહેલાં સર્વ તીર્થો અને સર્વ જીન પ્રતિમાઓને વંદન કરાય છે?
૫) સંગમના ભવમાં આપેલાં ખીરના દાનથી કોની ઋધ્દિ વિશ્વમાં પ્રસિધ્દિને પામી છે?
૬) એકેન્દ્રિય થી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવોને હણવા તથા હણાવવાની જે ક્રિયા લાગે તેને શું કહેવાય?
૭) દાનથી પરંપરાયે શેની પ્રાપ્તિ થાય છે?
૮) નરકના જીવો કયાં ઉત્પન્ન થાય છે?
૯) સાંભળીને સદ્શાનું જે જ્ઞાન પ્રાપ્ત થાય તેને શું કહેવાય છે?
૧૦) પ્રતિવાસુદેવ પ્રલ્હાદ કયા પ્રભુના શાસનમાં થયા?
૧૧) આરંભ સમારંભથી જે ક્રિયા લાગે તેને શું કહેવાય?
૧૨) સંસાર સાગરમાં પરિભ્રમણ નું મુખ્ય કારણ કયું?
૧૩) પૂર્વભવમાં જીવદયા નું પાલન ન કરવાથી બ્રાહ્મણ પુત્ર તે બીજા ભવમાં વિદ્યા પ્રાપ્ત છતાં શું નથી મળતું?
૧૪) પરમાત્માનું શાસન સુખી જીવન કોને કહે છે?
૧૫) ગરૂડ યક્ષ કયા ભગવાનના શાસન રક્ષક હતાં?

**પ્રશ્ન-૩ નીચે આપેલા શબ્દોના અર્થ લખો.** ૧૦

૧) જાઇ ૨) અચલં ૩) દસગં ૪) સંપઇ ૫) ધુત ૬) નારય ૭) મચ્છિય ૮) વિકલ
૯) મળુસ્સ ૧૦) પાયાલિ ૧૧) ભવિસ્સંતિ ૧૨) પરલોય ૧૩) ઠાણં ૧૪) કષ ૧૫) તાઇ ૧૬) નામધેયં

**પ્રશ્ન-૪ જોડકા જોડો (ફકત બી નો નંબર લખો)** ૧૦

| એ | બી |
|---|---|
| ૧) અંજના | ૧) લોકપ્રિયતા |
| ૨) સાધુજીવન | ૨) શ્રીમુનિસુવ્રતસ્વામી |
| ૩) જગડુશા | ૩) સર્વવિરતી |
| ૪) અનુપમાદેવી | ૪) દાન |
| ૫) હાસ્ય | ૫) કષાય |
| ૬) અવ્રત | ૬) નોકષાય |
| ૭) માન | ૭) અશુભ વિહાયોગતિ |
| ૮) મહાપદ્મ ચક્રવર્તી | ૮) પંકપ્રભા |
| ૯) કુંભ ગણધર | ૯) શ્રી અરનાથ પ્રભુ |
| ૧૦) ઉંટ | ૧૦) આશ્રવ તત્વ |

**પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧) શ્રી મુનિસુવ્રતપ્રભુ નો છદ્મસ્થ કાળ કેટલો?
૨) પાપ કેટલા પ્રકારે ભોગવાય છે?
૩) તમસ્તમ:પ્રભા નરક ની લંબાઇ કેટલી?
૪) પાંચ ઇન્દ્રિયનાં વિષય કેટલા?
૫) વજ્રાયુધ ચક્રવર્તી એ કેટલા પુત્રો સાથે દીક્ષા લીધી?
૬) દર્શનાવર્ણીય કર્મના ભેદ કેટલાં?
૭) શ્રી અરનાથ ભગવાનનું આયુષ્ય કેટલું હતું?
૮) અંતરાયકર્મના ભેદ કેટલા?
૯) કષાય કેટલા?
૧૦) આશ્રવ તત્વના ભેદ કેટલાં?

**પ્રશ્ન-૬ નીચેના વાકયો સાચા (✓) છે ખોટા ( × ) તે જણાવો.** ૧૦

૧) પચ્ચકખાણ ન કરવાથી, અવિરતિના કારણે જે ક્રિયા લાગે તે સ્પૃષ્ટિકી ક્રિયા છે.
૨) જીવવિચાર નો જો ઉંડાણથી વિચાર કરવામાં આવે તો જીવનમાં વૈરાગ્ય, ભવનિર્વેદ આદિ ગુણોની પ્રાપ્તિ થાય.
૩) શ્રી શાંતિનાથપ્રભુ મેઘરથ રાજાના ભવમાં સમ્યક્ત્વ પામ્યા.
૪) હાથ-પગ-મસ્તક અને કમર આ ચાર લક્ષણયુકત હોય અને ઉદર વગૈરે લક્ષણ રહિત હોય તે કુબ્જ સંસ્થાન છે.
૫) ભય કષાય છે.
૬) ક્રુર માનવી સદા પરના છિદ્ર જોવામાં જ લાગેલો છે.
૭) નમોત્થુણં સૂત્ર માં સર્વ જીવોને અભય આપનારાઓને નમસ્કાર કરવામાં આવે છે.
૮) ચિલાતીપુત્રે ઉપશમ, વિવેક અને સંવર આ ત્રણ શબ્દોનું ચિંતન કરતાં કરતાં આત્મકલ્યાણ કર્યું.
૯) શ્રી કુંથુનાથ પ્રભુ રાજગૃહી નગરીમાં કેવળજ્ઞાન પામ્યા.
૧૦) જીવન જયાં સુધી ક્રુરતાથી ભરેલું છે ત્યાં સુધી સતત અશુભ ધ્યાન અને અશુભ વિચારોના વમળમાં આત્મા ફસાયેલો છે.

**પ્રશ્ન-૭ નીચેનું વાકય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧) મારા નીચે પછડાતા શરીર નીચે કેટલાય નિર્દોષ જીવો કચડાઇ જશે ?
૨) અન્તે શરણાગત પારેવાને બચાવવા એના પ્રમાણનું પોતાના શરીરનું માંસ આપવાનું કબુલ કરી છરીથી કાપી પોતાનું માંસ ત્રાજવામાં નાંખવા માંડયુ
૩) જો અહીંથી કયાંય નિકળતા તમે સુજાતને જુઓ તો મને બતાવશો.
૪) દુર્ભગનામકર્મ ના ઉદય થી જીવબધાને અળખામણો થાય છે.
૫) પત્થર ઉપર કમળ ન ઉગી શકે તેમ ક્રુરતાથી ભરેલા હૃદયમાં ધર્મ કદાપિ ન હોઇ શકે.
૬) જયાં શરીર છે ત્યાં જાતિ-ગતિ અનુસાર મન-વચન-કાયા રૂપી યોગ છે.
૭) સાંવત્સરિક દાન આપી એક હજાર રાજાઓ સાથે વૈશાખ વદી ચૌદશે દીક્ષા લીધી.
૮) કેરીના ઝાડને કોયલને આમંત્રણ નથી આપવું પડતું પણ મંજરી આવે એટલે કોયલ સ્વયંમેવ ઝાડ પાસે દોડી આવે છે.
૯) દુર્ગુણોની બાદબાકી અને સદ્‌ગુણોની સુવાસ માનવીને ઉચ્ચ સ્થાને બિરાજમાન કરે છે.
૧૦) કૃષ્ણ અને નીલ અશુભ વર્ણ છે તેમની પ્રાપ્તિ પાપથી થાય છે.

**પ્રશ્ન-૮ તમારી ભાષામાં સમજાવો.** ૧૫

૧) પ્રત્યેક વ્યકિત મહાન ન બની શકે પણ સદાચારી જરૂર બની શકે.
૨) માયા પ્રપંચ કરવાથી આરંભ સમારંભ કરવાથી તેમજ અજયણાથી ઉઠવા બેસવાથી જે ક્રિયાઓ લાગે તે
૩) કોઇ પણ એક વ્યસન ૪) દાન અને શીલ ૫) શ્રી શાંતીનાથ પ્રભુના ૧૨ ભવ

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com